ગાંધી વિચાર પ્રવચન માળાના સાત મણકાનું આયોજન કરી વાર્તાલાપ થયો

ચિલોડા, તા. ૨

ગૂજરાત વિદ્યાપીઠ - મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ સાદરાના બીએ.એમએ. વિભાગના સંયોજક પ્રા. રમેશભાઈ મ.પટેલના માર્ગદર્શન હેઠળ ગાંધી વિચાર પ્રવચન માળાના સાત મણકાનું આયોજન કરી વાર્તાલાપ દ્વારા ગાંધી વિચારનો ફેલાવો કરવામાં આવ્યો હતો.

સાત મણકાના વિષયોમાં ગૂજરાત વિદ્યાપીઠના વટવૃક્ષની ડાળીઓ, મહાત્મા ગાંધીનો ગુજરાતી સાહિત્ય પર પ્રભાવ, વર્તમાનમાં ગાંધી વિચારોની પ્રાસંગિકતા, મહાત્મા ગાંધીનો અંગ્રેજી સાહિત્ય પર પ્રભાવ, મહાત્મા ગાંધીના માતૃભાષા અંગેના વિચારો, ગૂજરાત વિદ્યાપીઠના છાત્રાલયો દ્વારા વિદ્યાર્થીઓનું જીવન ઘડતર, મહાત્મા ગાંધીનો હિન્દી સાહિત્ય પર પ્રભાવ અને સાતમો મણકો મહાત્મા ગાંધીનું શિક્ષણ દર્શન વિષયક ચર્ચવામાં આવ્યો હતો.

ગાંધીવિચારનો ફેલાવો કરવા માટે તજજ્ઞ વક્તાઓમાં પ્રા. રમેશભાઈ પટેલ, ડૉ. ઝેનામા બીબી કાદરી, ડૉ. અતુલ પરમાર, ડૉ. ગાયત્રી દત્ત મહેતા, ડૉ. ગેલજી ભાટીયા, ડૉ. શશીબાલા પંજાબી, ડૉ. દિવ્યેશ ભટ્ટનો સમાવેશ થયો હતો.

પ્રવચનમાળાની શરુઆત અને અંતમાં ગાંધીગીતોનો ગૂંજનાદ ગ્રંથપાલ જગદીશ પરીખ, વસંતી પરમાર અને સંગીત ટૂકડી દ્વારા થયો હતો.

ડૉ. રાજેન્દ્ર જોષીએ આભાર દર્શન કર્યું અને ડૉ. મોતી દેવુએ કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું.

સાદરા ખાતે ડૉ. ઉદાજી પરમારનો સેવા નિવૃત્તિ કાર્યક્રમ યોજાયો

ચિલોડા, તા. ૨

શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ સાદરાના પ્રાધ્યાપક ડૉ. ઉદાજી પરમાર સાહેબનું સેવા નિવૃત્તિ અને વિદાઈ સમારોહ સાદરા ખાતે ભારત સરકાર દ્વારા નક્કી કરેલી કોરોના મહામારી માર્ગદર્શિકા પ્રમાણે યોજાયો આ કાર્યક્રમમાં વિશેષ રૂપે તેમની ધર્મપત્ની કેશરબેન પરમાર પણ તેમની સાથે મંચ પર આસીન હતી જેમાં મુખ્ય અતિથી તરીકે ગૂજરાત વિદ્યાપીઠના માનદ નિયામક વિસ્તરણ ડૉ. રાજેન્દ્ર ભાઈ ખીમાણી હાજર રહ્યા હતા અન્ય અતિથી તરીકે ડૉ. મગનભાઈ તાળા, રણજીત સિંહ, ડૉ. કમલેશભાઈ પટેલ, રમેશભાઈ પટેલ, ડૉ. શ્રીનિવાસભાઈ મૂર્તિ, તેજસભાઈ ઠાકર, જીતુભાઈ પરમાર અને જિલા રમત ગમત અધિકારી, ગોધરા પ્રકાશ કલાસવા પણ હાજર રહ્યા હતા આ સેવા નિવૃત્તિ કાર્યક્રમમાં તેમના સગા સંબધી, પરિવારજનો, સ્ટાફના મિત્રો, પરિસરના લોકો અને ભૂતપૂર્વ અને વર્તમાન વિધાર્થીઓ જોડાયા હતા કાર્યક્રમની પૂર્વ ભૂમિકા અને સ્વાગત પ્રવચન સંસ્થાના ડીનશ્રી ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રાએ આપ્યું હતું.

તેમની ૩૧ વર્ષની શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ સાદરાની સેવા દરમ્યાનના અનુભવો અને તેમની સંસ્થા પ્રત્યેની કામગીરી, કર્મઠતા, વફાદારી અને ગામડાઓમાં કરેલી વિવિધ પ્રવૃત્તિઓ વિષે માહિતી આપી હતી સુતરની આટીથી સ્વાગત ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા, સુર્યાબેન ભગોરા, શ્રી હીરાભાઈ રાયકા, શ્રી ભરતભાઈ પટેલ અને સુરેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું ડૉ. ઉદાજી પરમાર સાહેબને શ્રીફળ અને

કળશ અર્પણ રમેશભાઈ પટેલ, શ્રી વિરમભાઈ રબારી, પરેશભાઈ સાધુ અને કનુંભાઈ બારિયા દ્વારા કરવામાં આવ્યું હતું જયારે ડૉ. નીરજ સિલાવટ, ડૉ. અરવિંદભાઈ રામી, ડૉ. નિમેશભાઈ ચૌધરી અને ડૉ. મોહમંદ બાદી દ્વારા સાલ ઓઢાડીને તેમનો સન્માન કરવામાં આવ્યું હતું કાર્યક્રમમાં તેમની આખી સેવા દરમ્યાન કરેલી વિવિધ પ્રવૃત્તિઓના સંસ્મરણોને આવરી લેતી એક વિડીઓ ફિલ્મ પણ દેખાડવામાં આવી હતી તેમને આખા ગુજરાતમાં શારીરિક શિક્ષણ અને રમત ગમતના ક્ષેત્રોમાંથી ભૂતપૂર્વ અને વર્તમાન વિધાર્થીઓ અને તેમના પ્રશંસકોએ, મિત્રો, પરિવારના લોકો અને સ્ટાફના મિત્રો દ્વારા આપેલા શુભેચ્છા સંદેશોની એક પુસ્તિકા ડૉ. નિમેશભાઈ ચૌધરી અને ડૉ. મોહમ્મદ બાદી દ્વારા અર્પણ કરવામાં આવી હતી.

જયારે તેમના દ્વારા વિધાર્થીઓને ભણાવવામાં આવતા વિષય શારીરિક શિક્ષણની તાત્ત્વિક આધારશિલાઓ પર ડૉ. ભાવિક કંટેસરીયા દ્વારા લખેલ પુસ્તકનું વિમોચન પણ ડૉ. ઉદાજી પરમાર, ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણી અને અન્ય અતિથીઓ દ્વારા કરવામાં આવ્યું હતું કાર્યક્રમમાં મોમેન્ટો અને સ્મરણિકા પર લખેલા શુભેચ્છા સંદેશનું પઠન ડૉ. નિમેશભાઈ ચૌધરીએ કર્યું હતું જયારે મોમેન્ટો અને સ્મરણિકા ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા, ડૉ. જગદીશચંદ્ર સાવલિયા, ડૉ. દલસંગભાઈ ચૌધરી, ડૉ. જગદીશચંદ્ર ગોઠી, ડૉ. ગીતાબેન પટેલ અને ડૉ. વિજયભાઈ મકવાણા દ્વારા ભેટ કરવામાં આવી હતી વિશેષ તરીકે ડૉ. ઉદાજી પરમાર સાહેબના સેવા દરમ્યાન કરેલી પ્રવૃત્તિઓ અને તેમના જીવનના વિશેષ ક્ષણો પ્રત્યે અનુભવો અને પોતાના અભિપ્રાયો ક્રમશઃ ડૉ. જગદીશચંદ્ર સાવલિયા, ડૉ. મગનભાઈ તાળા, ડૉ. કમલેશભાઈ પટેલ, રમેશભાઈ પટેલ, ડૉ. શ્રીનિવાસભાઈ મૂર્તિ, તેજસભાઈ ઠાકર, જીતુભાઈ પરમાર અને ડૉ. નીરજ સિલાવટે આપ્યું હતું સંપૂર્ણ કાર્યક્રમનું લાઈવ ઓનલાઈન પ્રસારણ ઝૂમ એપ અને ફેસબુક તેમજ યુટ્યુબ ઉપર કરવામાં આવ્યું હતું જેમાં મુખ્ય ભૂમિકા તેમના દીકરા ડૉ. મેહુલ પરમાર, મિલનભાઈ ભટ્ટ, વિશાલભાઈ માંગરોલીયા, નીખીલ પોકાર, રાકેશ ચૌહાણ, લાલભાઈ રહેવર, મેહુલભાઈ રહેવર, હિતેશભાઈ રહેવરની રહેલી હતી જયારે શરૂવાતમાં ભજન અને પ્રાર્થનાની પ્રસ્તુતિ ડૉ. ગીતાબેન પટેલ, સુર્યાબેન ભગોરા અને જગદીશભાઈ પરીખ દ્વારા કરવામાં આવી હતી અને ડૉ ઉદાજી પરમાર સાહેબ માટે તૈયાર કરેલા વિદાઈ ગીતની પ્રસ્તુતિ શ્રી જગદીશભાઈ પરીખ દ્વારા કરવામાં આવી હતી સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન ડૉ. નીરજ સિલાવટ દ્વારા કરવામાં આવ્યું હતું જયારે આભારવિધિ ડૉ. જગદીશચંદ્ર ગોઠી દ્વારા કરવામાં આવી હતી.

જન્મદિને વધામણી

યશોધર એ પરમાર
યુજીવીસીએલ
મો. ૯૯૨૫૨ ૧૨૬૯૭

બિપીનચંદ્ર મોહનલાલ જાની
મો. ૯૮૨૪૧ ૪૮૦૫૪

જસજિતસિંહ પ્રેમલસિંહ ગોલ

સંકેત પોપટ
ફોટોગ્રાફર

અનેરી રાજેશકુમાર દુલારા
મો. ૭૨૨૬૯ ૫૩૫૬૦



દિવાકર હરુભા ધાંધલ
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ

અવ્યાન રવિરાજસિંહ વાઘેલા
મો. ૯૭૨૩૬ ૭૨૮૨૬

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસો એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

એસ.કે, પટેલ સ્કૂલમાં પેપર કપ' અને 'કોટન પેસ્ટિંગ' એક્ટિવિટી થઈ

ગાંધીનગર, તા. ૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ કે પટેલ સ્કૂલમાં સિનિયર વિદ્યાર્થીઓમાં પેપર કપ અને જુનિયર વિદ્યાર્થીઓમાં કોટન પેન્ટિંગ એક્ટિવી કરવામાં આવી હતી.

જેમાં શિક્ષિકાઓએ આ એક્ટિવીટીનો વીડિયો બનાવીને બાળકોને મોકલ્યો હતો અને તે જોઈને બાળકોએ પેપર કપમાંથી સરસ મજાનાં એનિમલ જેવા કે પેંગ્વિન, રેબિટ બનાવ્યા હતા. તથા જુનિયર બાળકોએ અવનવા પિક્ચરમાં જેવાં કે ડક ટી હાઉસ, આઈસ્ક્રીમ કોન વગેરે જેવામાં કોટન પેસ્ટ કરીને સરસ મજાનો ફોટા શિક્ષિકાઓને મોકલ્યા હતા. આ એક્ટિવીટીમાં વાલીઓએ પણ બાળકોને ખૂબ સારો સ્પોર્ટ કર્યો હતો.

પ્રા.ડૉ.વર્ષાબેન ચંદુલાલ બ્રહ્મભટ્ટ પીએચ.ડી. થયા

ગાંધીનગર, તા. ૨

એમ.પી શાહ એજ્યુકેશન સોસાયટી, સંચાલિત મણિબેન એમ.પી શાહ મહિલા આર્ટસ કોલેજ, કડીના ગુજરાતી વિભાગમાં ફરજ બજાવતા એસોસિયેટ

પ્રોફેસર પ્રા. ડૉ. વર્ષાબેન ચંદુલાલ બ્રહ્મભટ્ટ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદમાંથી પ્રા. ડૉ અજયભાઈ રાવલ (ઉમિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અમદાવાદ) ના માર્ગદર્શન હેઠળ "ગુજરાતી ટૂંકી વાર્તાઓમાં શોષણનું નિરૂપણ" (પસંદીગીની ટૂંકી વાર્તાઓ સદર્ભે) વિષય પર મહાશોધનિબંધ રજુ કરીને પીએચ.ડી. ની પદવી પ્રાપ્ત કરેલ છે. આપે મેળવેલ સિદ્ધિ બદલ એમ.પી શાહ એજ્યુકેશન સોસાયટી તથા મણિબેન એમ.પી.શાહ મહિલા આર્ટસ કોલેજ આપને અભિનંદન પાઠવે છે.

એસ.વી.સ્કૂલમાં યોજાયો 'નોન ફાયર કૂકિંગ ડે

ગાંધીનગર, તા. ૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. વી. ઈંગ્લીશ મિડિયમ પ્રિ-સ્કૂલમાં ઓનલાઈન 'નોન ફાયર કૂકિંગ ડે' યોજાઈ ગયો, જેમાં જુનિયર અને સિનિયર કે. જી. ના બાળકોએ પોતાની મમ્મી સાથે મળીને ચોકલેટ બોલ, ખજૂર રોલ, ભેળ, ચાટપૂરી, કેક, કાજુકતરી, ખાખરાપિઝા, મોનેકોપિઝા, ઓરિયોશેક, ચોકલેટ મોદક અને અંજીર રોલ જેવી વસ્તુઓ બનાવી હતી.

શિક્ષિકાઓએ બાળકોને આ તમામ વસ્તુઓ ખાવાથી શું લાભ થાય છે, તે સમજાવ્યું હતું. બાળકોએ પણ પોતે પોતાની મમ્મીને આ વસ્તુ બનાવવામાં કઈ રીતે મદદ કરી, તેનું વર્ણન કર્યું હતું. બાળકોએ ઓનલાઈન કલાસમાં આ પૌષ્ટિક નાસ્તો કરી, ઉજાણીની મજા માણી હતી. આ સેલિબ્રેશનમાં મમ્મીઓનો ઉત્સાહ અને યોગદાન નોંધપાત્ર રહ્યાં હતાં, જે માટે શાળા પરિવાર વતી તેમનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

તબીબ અને સંનિષ્ઠ સનદી અધિકારી ડૉ. રેહાન રઝાના પુસ્તકનું વિમોચન અભિનેત્રી પ્રાંજલભટ્ટના હસ્તે કરાયું

ગાંધીનગર, તા. ૨

દક્ષિણ ભારતના સમુદ્રિ વિસ્તારમાં સૌંદર્યસૃષ્ટિના વૈવિધ્યસભર આકર્ષણો ધરાવતા આંદામાન નિકોબાર ટાપુને પ્રવાસન ક્ષેત્રે વૈશ્વિક ઓળખ અપાવવાના ઉદેશ્યથી ડૉ.રેહાન રઝા દ્વારા તૈયાર કરાયેલા પુસ્તક ધી ગ્રેટ નિકોબાર આઈસલેન્ડનું વિમોચન તાજેતરમાં ગુજરાતી ફિલ્મોના લોકપ્રિય અભિનેત્રી પ્રાંજલભટ્ટના હસ્તે કરવામાં આવ્યુંછે ત્યારે વૈશ્વિક સ્તરે ઉપયોગી બની રહેનારા આ પુસ્તકનો દિલ્હી ખાતે યોજાયેલો વિમોચન કાર્યક્રમ ગુજરાત માટે ગૌરવપદ બન્યો છે.

મેડીકલક્ષેત્રે ડોકટરની ડીગ્રી મેળવી માનવતાનો અભિગમ દાખવી ગરીબ નિસહાય દર્દિઓની સેવાકરી સરકારીક્ષેત્રમાં સનદી અધિકારી તરીકે નિયુકત થઈ રાજય અને કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોમાં ફરજ દરમિયાન અદમ્ય ઉત્સાહથી ઉત્કૃષ્ટ કામગીરી કરી પ્રજાલક્ષી પ્રશાસનિક સેવાઓને ગૌરવપદ બનાવનાર ડૉ.રેહાન રઝા સાહિત્યના ક્ષેત્રમાં ઊંડો રસ ધરાવેછે.હાલમાં પ્રકાશિત થયેલ પુસ્તક ધી ગ્રેટ નિકોબાર આઈસલેન્ડમા તેમણે હિસ્ટ્રી,સાંસ્કૃતિક, વેપાર વાણિજ્ય, સામાજિક જનજીવન સહિતના કુલ બાર જેટલા પ્રકરણો આલેખીને વિશ્વને નિકોબારની વૈવિધ્યતાનો પરિચય કરાવ્યો છે.

નિષ્ઠાવાન સનદી અધિકારી ડૉ.રેહાન રઝા હાલમાં દિલ્હી સરકારમાં નોર્થવેસ્ટ દિલ્હી વિભાગના એસ ડી એમ તરીકે કાર્યરતછે.દિલ્હીમાં નિયુકતિ થઈ તે પહેલાં ડૉ.રેહાન રઝા આંદામાન નિકોબારમા કમિશનર હતાં તેમણે પોતાના કાર્યકાલ દરમિયાન ભેદની દીવાલો તોડી માનવતાની મહેંક પ્રસરાવી ઉમદા કામગીરી દ્વારા નિકોબારની



પ્રજાના દિલ જીતી લીધા હતા. પોતે કમિશનરના ઉચ્ચ હોદ્દા પર હોવા છતાં તેની પરવા નહીં કરીને શરમ સંકોચ રાખ્યા વગર જરૂરિયાતોના અભાવ વચ્ચે સંઘર્ષ કરતી ગરીબ પ્રજાની વચ્ચે તેઓ રહ્યા એટલું જ નહીં તેમની મુશ્કેલીઓનો જાત અનુભવ કર્યા અને તેમને સરકારની કલ્યાણકારી યોજનાઓ સહિતની સેવાઓનો લાભ અપાવ્યો હતો તેમજ નિકોબાર ટાપુ વિસેની વિસ્તૃત જાણકારી મેળવવા છેવાડાના વિસ્તારો સુધી રઝળપાટ કરીને તેમણે સંશોધનલક્ષી અભ્યાસ તેમણે પૂર્ણ કર્યો હતો.

ધી ગ્રેટ નિકોબાર આઈસલેન્ડ વિસેનું પુસ્તક તૈયાર થયા પછી ડૉ.રેહાન રઝાનું લાંબી મહેનતના અંતે સ્વપ્ન સિદ્ધ થતાં તેમણે પુસ્તક વિમોચનનો સાદગી સભર કાર્યક્રમ ગોઠવી ગુજરાતી ફિલ્મોના લોકપ્રિય અભિનેત્રી પ્રાંજલભટ્ટ અને તેમના પતિ ખ્યાતનામ ઉધોગપતિ શ્રી સુમિત કુમાર(સામાજિક કાર્યકર)ને ચીફ ગેસ્ટ તરીકે આમંત્રિત કરી તેમના વરદ હસ્તે આ પુસ્તકનું વિમોચન કરાવ્યું હતું.

ધી ગ્રેટ નિકોબાર આઈસલેન્ડ વિશ્વને ઉપયોગી પુસ્તકનું વિમોચન કરી ગુજરાતનું ગૌરવ વધારનાર ગુજરાતી ફિલ્મોના લોકપ્રિય અભિનેત્રી પ્રાંજલભટ્ટે આ પ્રસંગે સેવાના ભેખધારી ડોક્ટર તરીકે, માનવતાના અભિગમથી પ્રશાસનિક સેવાઓને ગૌરવપદ બનાવનાર સંનિષ્ઠ અધિકારી તરીકે અને સાહિત્યક્ષેત્રે તેમજ સેવાકીય પ્રવૃત્તિઓમાં સર્વશ્રેષ્ઠ યોગદાન આપનારા ડૉ.રેહાન રઝાની સેવાઓને ગૌરવપુર્વક બિરદાવી શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે ડૉ.રેહાન રઝાએ તેમના પ્રાસંગિક પ્રવચનમા ગુજરાતને રાષ્ટ્રીય સ્તરે ગૌરવાન્વિત કરનારા ગુજરાતી ફિલ્મોના લોકપ્રિય અભિનેત્રી પ્રાંજલ ભટ્ટને ગુજરાતની જેમ દિલ્હીમાં બેટી બચાવો,બેટી પઢાઓ, સ્વચ્છતા અભિયાન અને કોરોના વોરિયર તરીકે સેવાઓ આપી જનજાગૃતૃના કાર્યક્રમોમા સામેલ થવા બદલ તેમને અભિનંદન પાઠવી ગૌરવપદ અભિવાદન કર્યું હતું.

અત્રે ઉલ્લેખનીયછેકે સનદી અધિકારી ડૉ.રેહાન રઝાને સેવાની ભાવનાથી તબીબી વ્યવસાયમાં ડોક્ટર તરીકે ઉત્તમ સેવાકાર્યો કરવા બદલ હકીમ અબ્દુલ હમીદ એવોર્ડ અને દિલ્હી મેડિકલ એસોસિએશન દ્વારા વિશિષ્ટ ચિકિત્સા રત્ન એવોર્ડથી સન્માનીત કરાયાછે.

કોલવડા ગામમાં સાર્વજનિક પંખીઘર(ચબુતરા)નું ભૂમીપૂજન

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના કોલવડા ગામ માં કોલવડા સાર્વજનિક પંખી ઘર (ચબુતરો)નું ભુમી પુજન નુ આયોજન કરવામાં આવ્યું. ભુમી પુજન ચૌહાણ નરેન્દ્રસિંહ રતનસિંહજી (નંદાભાઈ) ના

હસ્તે કરવામાં આવ્યું હતું. સમગ્ર કોલવડા સાર્વજનિક પંખી ઘર બનાવાના અદભૂત વિચારસરણી ધરાવતા નાગરિકો નું સમાજ ને કહેવું છે કે.... ચબુતરો એટલે શુ ?જે નવી પેઢીને ભાગ્યે જ ખબર હશે!

(એવું લાગે છે કે પુસ્તકો થકી ચબુતરો નવેસરથી ભણાવો પડશે.) ચબુતરો જેને મારા ગામ માં લોકો પરબડી પણ કહે છે.આજે સવારે ખેતરમાં જતા અજાણે જ મારી નજર ગામ ની પરબડી પર ગઈ એ જોતા જ મને વિચાર આવ્યો કે જો દરેક ફળીયા મો, સોસાયટીમાં, ઘરમાં, ચબુતરા હોત તો !! કેવું રઢિયામણું લાગે મારૂ આ ગામ ! જ્યાં વિવિધ પક્ષીઓ જોવા મળતાં રોજ! મારી વાત કરુ તો અમે પક્ષીઓ ને ચણ ખેતર માં ઓરડી માથે નાખેલ પતરા પર નાખીયે છે અને પાણી માટે તો આખો હોજ ખૂલ્લો મુક્યો છે. સાચે ગરમી ના દિવસો મા તો ચણ અને ખાસ કરીને પાણી તો પક્ષીઓને આશીર્વાદ સમુ લાગતુ હશે. જેમ કોઈ તરસ્યા માનવી ને પાણી મળે તો ધરતીને સ્વર્ગ ભાસે એવું કંઈક.

આજે મને એ જોઈને આનંદ થાય છે કે મારા ગામમાં પક્ષીઓને ચણ મળી રહે છે અને આ અબોલ જીવો હેતથી કિલ્લોલ કરતા જીવે છે.ખરેખર પક્ષીઓને ગેલ કરતા જોવા નો લ્હાવો અદ્‌ભૂત છે.

મેં સાંભળ્યું છે કે જો કોઈ માણસમાં જીવ દયાનો ગુણ હોય તો એ પાણીની પરબ બંધાવે વળી એથી યે વધુ એના હૃદય માં કરુણા ,દયા અને સહાનુભુતિ હોય તો તે ચબુતરો બંધાવે.

જ્યાં ભાત ભાત ના પક્ષી ભેગા મળે અને ચબુતરે બેસી ચણ ખાય, રક્ષણ મળે ચારે દિશાથી, પાણી પીને ખુબ હરખાય, મહિમા છે તેનો વર્ષો જુનો, સંસ્કૃતિ ભારતની પુરાણી, આ ચબુતરા હતા મહેલોમાં પણ આજે વાત બધે ફેલાણી. માણસે જન્મ લઇ પોતાના સ્વાર્થ માટે તો ઘણું કર્યુ પરંતુ અબોલ જીવોના કલ્યાણ માટે શું કર્યું. માનવ તરીકે નિસ્વાર્થ ભક્તિનું શ્રેષ્ઠ ઉદાહરણ છે આ ચબુતરો!!

ચબુતરો બનાવવાના વિચાર ને પ્રેસ માં આપવા પાછળ અમારો એક જ ઉદ્દેશ છે કે કોઈક વાંચે અને વાંચી ને એક ચબુતરો બનાવી દે... આ અબોલ જીવો માટે, જીવદયા ખાતે મારા આ શબ્દો સમર્પિત છે. અને ખાસ વાત તો એ છે કે સમગ્ર ચબુતરા નું ચણતર તથા તેને અદભૂત સુશોભિત કરનાર એક મુસ્લિમ સમાજ નો યુવા છે. જે હમ સબ એક હૈ. નું જીવતું જાગતું ઉદાહરણ પૂરું પાડે છે.